ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૪.૦૮.૨૦૧૮

---------------

**પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ તથા રાજ્યસભાના સાંસદશ્રી શંભુનાથજી ટુંડીયાની ઉપસ્થિતિમાં બનાસકાંઠા જીલ્લાના ૮૦ જેટલા કોંગ્રેસી આગેવાનો ભાજપામાં જોડાયા**

---------------

**ભાજપાની રાષ્ટ્રવાદી અને વિકાસવાદી વિચારધારાથી પ્રેરાઇને બનાસકાંઠા જીલ્લા પંચાયતના સભ્યશ્રી બાલકૃષ્ણ જીરાલા, બનાસકાંઠા કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી હરેશભાઇ વ્યાસ તેમજ ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઇ એમ.પટેલ સહિતના આગેવાનોએ ભાજપાનો ખેસ ધારણ કર્યો**

---------------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની અખબાર યાદી જણાવે છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, રાજ્યસભાના સાંસદ અને ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી શંભુનાથજી ટુંડીયાની ઉપસ્થિતિમાં કોંગ્રેસના અગ્રણી અને બનાસકાંઠા જીલ્લા પંચાયતના સભ્યશ્રી બાલકૃષ્ણભાઇ જીરાલા તથા બનાસકાંઠા કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી હરેશભાઇ વ્યાસ તેમજ ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઇ એમ.પટેલ, શ્રી નારાયણસિંહ ડાભી, શ્રી વીરાજી ઠાકોર, શ્રી મહોબતસિંહ રાજપુત, શ્રી કેસરભાઇ પટેલ સહિત બનાસકાંઠા જીલ્લાના ૮૦ જેટલા કોંગ્રેસી આગેવાનોએ ખેસ પહેરી વિધિવત્ રીતે ભાજપામાં પ્રવેશ કર્યો હતો.

કોંગ્રેસના પૂર્વ આગેવાન અને બનાસકાંઠા જીલ્લા પંચાયતના સભ્યશ્રી બાલકૃષ્ણ જીરાલાએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે, અમે બધા છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસી નેતાઓના આંતરિક જુથવાદ અને ઝગડાઓથી કંટાળી ગયા હતા. અનેક વખત રજૂઆતો કરવા છતા કોંગ્રેસમાં કાર્યકરોનું કોઇ સાંભળતું નથી. કોંગ્રેસના નેતાઓ પ્રજાકીય કે સેવાકીય કામો કરવાને બદલે આંતરિક ખેંચતાણ અને હુંસાતુંસીમાં જ વ્યસ્ત રહે છે. ત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં દેશ બહુ ઝડપથી બદલાઇ રહ્યો છે અને વિકાસની નવી ઉંચાઇઓ સર કરી રહ્યો છે. તેજ રીતે ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત તેજ ગતીથી આગળ વધી રહ્યું છે. ભાજપાની રાષ્ટ્રવાદી અને વિકાસવાદી વિચારધારાથી પ્રેરાઇને આજે અમે સૌ કોંગ્રેસી કાર્યકરો સહર્ષ રીતે ભાજપામાં જોડાઇ રહ્યા છીએ.

આ પ્રસંગે બનાસકાંઠા જીલ્લા ભાજપાના પ્રભારીશ્રી દુષ્યંતભાઇ પંડ્યા, બનાસકાંઠા જીલ્લા ભાજપા પ્રમુખશ્રી કેશાજી ચૌહાણ તથા બનાસકાંઠા જીલ્લા ભાજપા મહામંત્રીશ્રી અમૃતભાઇ દવે સહિત ભાજપાના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૧૪.૦૮.૨૦૧૮

**<u>ગોત્ર વૃદ્દિધ, સામાજીક વૃદ્દિધ, ભૌગોલિક વૃદ્દિધ, વર્ગ વૃદ્દિધ અને યુવા વૃદ્દિધ</u>**

**આ "પંચામૃત" દ્વારા ભાજપ સંગઠનને વધુ સર્વસ્પર્શી અને સર્વવ્યાપી બનાવાશે. – ભરત પંડયા**

**------------**

**તા.15 થી 21 ઓગષ્ટ સુધી ગુજરાતના 41 જિલ્લામાં અને 28,639 જેટલા શક્તિ કેન્દ્ર પર ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા સદસ્યતા અભિયાન વૃદ્દિધ હાથ ધરવામાં આવશે.– ભરત પંડયા**

**------------**

**કોંગ્રેસના પ્રભારી "પંજાબ અને કર્ણાટકમાં કોંગ્રેસનું શાસન છે ત્યાં કોંગ્રેસ વિધાનસભા ભંગ કરીને ફરીથી ત્યાં ચૂંટણી લાવવા ઈચ્છે છે તેનો તેઓ 10 જનપથપર પૂછીને જવાબ આપે. – ભરત પંડયા**

**------------**

**નર્મદા વિરોધી કોંગ્રેસનાં રાજીવ સાતવ હવે કિસાનના સંદર્ભમાં ગુજરાતમાં આવીને કંઈપણ બોલે તો ગુજરાતની જનતાને હાસ્યાસ્પદ અને નાટ્યાત્મક લાગે છે.– ભરત પંડયા**

**------------**

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકારે મગફળી મામલે પક્ષપાત કે પૂર્વગ્રહ વગર દોષિત સામે કડકમાં કડક કાર્યવાહી કરી રહી છે.**

**------------**

**કૃષિમંત્રીશ્રી આર.સી.ફળદૂએ સ્પષ્ટતાપૂર્વક અને વારંવાર વિગતો મિડીયા દ્વારા આપી છે. પરંતુ કોગ્રેસનાં પગ નીચે રેલો આવવાથી તે ભાજપ ઉપર જૂઠ્ઠાં આક્ષેપો કરી રહી છે.**

**------------**

ભાજપ પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની આગેવાનીમાં ભાજપ સંગઠનનો વ્યાપ અને જનાધાર વધ્યો છે. જનતા જનાર્દનના આશીર્વાદથી કેન્દ્ર સરકારમાં અને 20 રાજ્યોમાં ભાજપની સત્તા છે. ભાજપ 11 કરોડ સદસ્યો સાથેની વિશ્વની 1 (એક) નંબરની પાર્ટી બની છે. ભાજપ સંગઠન પરંપરા મુજબ દર 3 વર્ષે સદસ્યતા વૃદ્દિધ અભિયાન કરવામાં આવે છે. આ વર્ષે 15 ઓગષ્ટથી 21 ઓગષ્ટ દરમિયાન "પંચામૃત" વિચારથી ગુજરાત ભાજપ દ્વારા સદસ્યતા વૃદ્દિધ અભિયાન કરશે. પંચામૃત એટલે ગોત્ર, સામાજીક, ભૌગોલિક, વર્ગ અને યુવા વૃદ્દિધ દ્વારા લોકોને ભાજપમાં જોડીને સંગઠનને વધુ સર્વવ્યાપી અને સર્વસ્પર્શી બનાવવાનો પ્રયાસ કરશે. પંચામૃતમાં (1) **ગોત્ર વૃદ્દિધ** એટલે જે લોકો દેશભક્તિ અને વિકાસની રાજનીતિમાં માને તે લોકોને ભાજપમાં જોડવા. (2) **સામાજીક વૃદ્દિધ** એટલે દરેક જ્ઞાતિ અને સમાજમાંથી લોકોને જોડીને **સામાજીક વૃદ્દિધ** કરવી. (3) **ભૌગોલિક વૃદ્દિધ** એટલે ભાજપને જે બુથમાં ઓછા મતો મળ્યાં છે તેવાં બુથમાં જઈને વિશેષ પ્રયત્ન દ્વારા લોકોને ભાજપમાં જોડવાં. (4) **વર્ગવૃદ્દિધ** એટલે શિક્ષક, વકિલ, વેપારી, ડૉક્ટર, ખેડૂત, દૂકાનદાર, કામદાર તેમ અનેક પ્રકારના વ્યવસાયીક વર્ગોને જોડવાં. (5) **યુવા વૃદ્દિધ**નવા યુવા મતદારોમાં યુવક અને યુવતીઓને ભાજપમાં સમાવેશ કરવો. આમ,**"પંચામૃત"** વિચાર યોજનાથી ભાજપને વધુ સર્વવ્યાપી અને સર્વસ્પર્શી બનાવવાનો પ્રયાસ થશે. આ કાર્યક્રમમાં ગુજરાતના 41 જિલ્લામાં અને 28,639

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




જેટલા શક્તિ કેન્દ્ર પર ભાજપના પ્રદેશના અગ્રણીઓ, મંત્રીશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીઓ વગેરે દ્વારા સદસ્યતા અભિયાન વૃદ્ધિ હાથ ધરવામાં આવશે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, **તા.15મી ઓગષ્ટે પ્રદેશના અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી ભાવનગર ખાતે,રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા અમરેલી ખાતે, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાગાંધીનગર ખાતે, પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર સુરત ખાતે,પ્રદેશ મહામંત્રી કે.સી પટેલ બનાસકાંઠા ખાતે,રાજ્યસભાના સભ્યશ્રી શંભુનાથજી ટૂંડિયા બોટાદ ખાતે** આમ,અલગ અલગ પ્રદેશના આગેવાનોને જે તે જિલ્લામાં મૂકીને પ્રાથમિક સદસ્યતા વૃદ્ધિની શરૂઆત કરવામાં આવશે. આ અભિયાન દરમ્યાન **1800 266 1001** ફોન નંબર ઉપર મિસ્કોલ દ્વારા અભિયાનનો આરંભ થશે.

કોંગ્રેસના પ્રભારીશ્રી રાજીવ સાત્વે કરેલ નિવેદન સામે તીવ્ર પ્રતિક્રિયા આપતાં **શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે,** જનતાના આશીર્વાદ,જન સમર્થન અને જનમતથી સતત છઠ્ઠી વાર ગુજરાતમાં ભાજપે સત્તાના સેવા-સૂત્રો સંભાળ્યા છે, અને ગુજરાતની જનતાએ કોંગ્રેસને સતત છઠ્ઠી વાર સત્તા મોહનો સતત છઠ્ઠી વાર ભંગ કર્યો છે,ત્યારે પ્રદેશ કોંગ્રેસના પ્રભારીશ્રી રાજીવે ગુજરાત વિધાનસભા ભંગ અંગે પ્રશ્ન ઉઠાવ્યો છે તેને માટે મારે એટલું જ કહેવાનું કે,**"પંજાબ અને કર્ણાટકમાં કોંગ્રેસનું શાસન છે ત્યાં કોંગ્રેસ વિધાનસભા ભંગ કરીને ફરીથી ત્યાં ચૂંટણી લાવવા ઈચ્છે છે તેનો જવાબ તેઓ 10 જનપથપર પૂછી ને અમને આપે એના પછી ગુજરાત વિધાનસભા અંગેનો અમે જવાબ આપીશું".** કોંગ્રેસ હંમેશા ગુજરાત,ગુજરાતના નેતૃત્વ વિરોધી રહી છે. જે લોકો નર્મદા વિરોધી છે,ગુજરાતના વિરોધીઓને હંમેશા ખુલ્લું સમર્થન આપ્યું છે તેમને ગુજરાતના પ્રભારી બનાવીને કોંગ્રેસ ગુજરાત મોકલે છે. જે નર્મદા વિરોધી છે,તે કિસાન વિરોધી અને ગુજરાત વિરોધી છે તેઓ હવે કિસાનના સંદર્ભમાં ગુજરાતમાં આવીને કંઈપણ બોલે તો ગુજરાતની જનતાને હાસ્યાસ્પદ અને નાટ્યાત્મક લાગે છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકારમગફળીમાં દોષિત સામે કડક પગલા લઈ રહી છે. ભાજપ સરકારના એક્શનને કોંગ્રેસ આક્ષેપમાં કન્વર્ટ કરવા માટેનો એક નિરર્થક પ્રયાસ કરે છે. કોંગ્રેસને પ્રશ્નો ઉકેલવામાં રસ નથી તેથી માત્ર વિવાદો ઊભા કરી રહી છે. કૃષિમંત્રીશ્રી આર.સી.ફળદૂએ વારંવાર સ્પષ્ટતા અને જે તે કાર્યવાહીની વિગતો મિડીયા સમક્ષ આપી છે,પક્ષપાત કે પૂર્વગ્રહ વગર ભાજપ સરકાર ભ્રષ્ટાચાર સામે એક્શન લઈ રહી છે,૨૯ થી વધુ લોકો પકડાયા છે તેમની સામે કડકમાં કડક કાર્યવાહી ચાલુ કરી છે.પરંતુ જ્યારે ભાજપએ ભ્રષ્ટાચાર સામે એક્શન લીધા છે ત્યારે ત્યારે કોંગ્રેસના પગ નીચે રેલો આવવાને કારણે કોંગ્રેસ હતાશામાં બેબાકળી બનીને ભાજપ ઉપર જૂઠ્ઠા આક્ષેપ કરે છે. તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ